सा विद्या या विमुक्तये

# શારદ

વર્ષ ૨૬ જુલાઈ -૨૦૦૬ અંક - ૧

## વાલીઓને.....

### ગણિતની બાદબાકી - ?

જો ગણિતને આઠમા ધોરણ પછી વૈકલ્પિક વિષય બનાવવામાં આવે તો વિદ્યાર્થીઓના સમયનો ઘણો બચાવ થાય અને રમતગમત ક્ષેત્રે આપણે ઘણો સારો દેખાવ કરી શકીએ એવો તર્ક એક ઉચ્ચ અધિકારીએ વ્યક્ત કર્યો.

બોર્ડની જાહેર પરીક્ષામાં ગણિત વિષયને કારણે ઘણા વિદ્યાર્થીઓ નાપાસ થવાને કારણે અભ્યાસ છોડી દે છે એવો મત પણ સાથે સાથે વ્યક્ત થયો છે.

આથી ગણિતને જાહેર પરીક્ષામાં વૈકલ્પિક વિષય રાખવા માટેનો મત ઉભો થઈ રહ્યો છે.

આ એક ભારે નુકશાનકારક પગલું બની રહેશે. કારણકે પ્રથમ જાહેર પરીક્ષામાં ગણિત ન હોય તો તેની ખરાબ અસર નીચેના ધોરણોમાં પણ પડે છે. અને આ વિષય સાવ પ્રાથમિક કક્ષાએથી પણ ગૌણ બની જાય છે. આજથી ત્રીસેક વર્ષ પહેલાના એસ.એસ.સી.ના અભ્યાસક્રમમાં (૧) સામાન્ય વિજ્ઞાન (૨) સમાજવિદ્યા અને (૩) પ્રાથમિક ગણિતશાસ્ત્ર એ ત્રણ વિષયોમાંથી કોઈ પણ બે લેવા ફરજીયાત હોઈ ઘણા વિદ્યાર્થીઓ પ્રાથમિક ગણિતશાસ્ત્ર છોડી દેતા. એટલું જ નહિ પણ નીચેના ધોરણોમાં પણ આ વિષય ગંભીરતાથી વાલીઓ અને શિક્ષકો પણ લેતા ન હતા. કદાચ આજે પ્રાથમિક ગણિતશાસ્ત્ર ન લીધું હોય તેવા અનેક પ્રાથમિક શિક્ષકો પ્રાથમિક શાળામાં કામ કરી રહ્યા હોય તો નવાઈ નહિ. શિક્ષક વિષયનો નિષ્ણાત હોવો જોઈએ. પણ આવા કિસ્સાઓમાં તો શિક્ષકની પાસે વિષયનું પ્રાથમિક જ્ઞાન પણ નથી. આવા સંજોગોમાં ગણિત કંટાળાજનક વિષય બને, અઘરો વિષય બને. આવી બધી ફરિયાદો સ્વાભાવિક છે. ગણિતના વિષયને કારણે જાહેર પરીક્ષામાં વિદ્યાર્થી નાપાસ થતા વિદ્યાર્થી અભ્યાસ છોડી દેતા હોય છે. ગણિતના અભ્યાસક્રમને બે સ્તરમાં રાખીને ગણિતનું લઘુત્તમ વ્યવહારિક જ્ઞાન શું હોવું જોઈએ તે મુજબ ગણિત જેમને અઘરો વિષય લાગતો હોય તેમને માટે એક વિકલ્પ આપવો જોઈએ અને જેમને એન્જીનીયરીંગ જેવા વિષય લઈને આગળ જવું હોય તેમને માટે ઉચ્ચ સ્તરનો ગણિતનો વિષય રાખી જાહેર પરીક્ષામાં આ પ્રકારે ઉચ્ચ સ્તરીય અને નિમ્ન સ્તરીય એમ બે સ્તરના ગણિતના અભ્યાસક્રમ રાખીને ગણિતને સદંતર નાબૂદ કરી શકાય તે વાત સ્વીકારવી જોઈએ નહિ.

ગણિત ન જાણનાર દુનિયાના અન્ય ક્ષેત્રોમાં પણ પાછો પડે છે. ભારત આઈ.ટી. ક્ષેત્રે આગળ છે તેમાં તેના ગણિતના વારસાના પરિબળે ભાગ ભજવ્યો છે તે નિર્વિવાદ છે.

હેમુભાઈ ના વંદન

## સ્મૃતિચિત્રો

ઉત્તર ભારતના પ્રવાસમાં અમારી બોગીનું બે દિવસ માટે આગ્રામાં રોકાણ હતું. એક દિવસ આગ્રાના સ્થાનિક જોવાલાયક સ્થળો તેમજ ફતેહપુર સિક્રી રાખીને બીજે દિવસે બસ લઈને મથુરા, યમુના સ્નાન વિદ્યાર્થીઓને કરાવવું તેવું વિચાર્યું. રાત્રે જ નાસ્તો તૈયાર કરાવીને વહેલી સવારે અમે મથુરા પહોંચ્યા. ત્યાં સાથે લીધેલો નાસ્તો કરીને યમુના સ્નાન માટે વિદ્યાર્થીઓને તક આપી. નદીના સ્વચ્છ જળમાં નહાવાની સૌએ ખૂબ મઝા લીધી. કાર્યક્રમ મુજબ નાહીને આગ્રામાં પહોંચીને જમવાનો કાર્યક્રમ હતો. પરંતુ યમુના સ્નાનમાં એટલો બધો સમય ગયો કે વિદ્યાર્થીઓ સખત ભૂખ્યા થઈ ગયા. આવી સ્થિતિમાં વિદ્યાર્થીઓને હવે ભૂખ્યા રાખવા યોગ્ય ન જણાતા અમે જેમના મહેમાન હતા તે ચોબેજીને પૂછયું કે ‘આ બાળકો માટે તાત્કાલિક કંઈ જમવાની વ્યવસ્થા થઈ શકે ?’ તેમણે કહ્યું કે ‘પૂરી-શાક તાત્કાલિક કરાવી શકાય તેમ છે.’ ‘દહીં મળે કે કેમ ?’ તે પૂછતાં તેઓએ હસીને કહ્યું કે ‘જોઈએ તેટલું મળે.’ તેમણે અમને પાએક કલાકનો સમય આપવા કહ્યું.

એમણે જમવા બોલાવ્યા એટલે સૌ વિદ્યાર્થીઓ પંગતમાં બેસી ગયા. ગરમાગરમ પૂરી અને એક ડોલમાં શાક લઈને પીરસાવા લાગ્યું. પરંતુ વિદ્યાર્થીઓ કાળું શાક જોઈને શાક લેતા અચકાયા. અને શાક લેવાની ના પાડી. અમને પણ લાગ્યું કે આ શાક વિદ્યાર્થીઓ કેવી રીતે ખાશે ? અમારી સાથે મારવાડી કુટુંબના ચાર-પાંચ વિદ્યાર્થીઓ હતા. તેઓએ તો શાક ખુશીથી લીધું અને આનંદથી ખાવા લાગ્યા. તે જોઈને બીજા વિદ્યાર્થીઓએ પણ શાક લીધું અને તેઓ પણ સ્વાદથી ખાવા લાગ્યા. તપાસ કરતા ખબર પડી કે બટાકાના શાકમાં ઘીનો વઘાર કરીને મરી પાઉડર નાખવાનો રીવાજ છે. અમે સૌએ આ શાક અને ગરમ પૂરીનો સ્વાદ માણ્યો.

******

## સ્વાધ્યાયનું મહત્વ

કોશેટામાંથી પતંગિયું કેવી રીતે બહાર નીકળે છે તે જોવા એક માણસ કોશેટો લાવ્યો. તેણે જોયું કે પતંગિયું બહાર આવવા માટે ખૂબ સંઘર્ષ કરી રહ્યું છે તેની મહેનત જોઈને મદદ કરવાની ભાવનાથી તેનું બહાર આવવાનું સરળ બને તે ખાતર તે માણસે હળવેકથી કાતર વડે તેનું આવરણ કાપ્યું. પતંગિયું બહાર તો આવી ગયું પરંતુ તેનું શરીર નબળું અને ક્ષીણ જ રહ્યું. નબળા અને ક્ષીણ શરીર સાથે તે ઘસડાયા કરતું હતું અને કયારેય ઉડી ન શક્યું તેનો સંઘર્ષ તેને જે તાકાત બક્ષે તે તાકાત તે પતંગિયાને મળી નહી. સંઘર્ષ જ તેને જરૂરી તાકાત બક્ષે છે.

# સંસ્થાકીય સમાચાર

## બાલમંદિર

**બાલવાડી**

૧૫-૬-૦૬ને ગુરુવારના દિવસે બાલવાડીનાં નાના ભૂલકાઓનું બાલવાડીમાં ઉલ્લાસભેર આગમન થયું. શાળાના હરિયાળા ચોગાનમાં બાળકો આનંદભેર રમવા લાગ્યા, અને ક્રિડાંગણના સાધનો સાથે રમતાં ખેલતા બાળકો બાલવાડીમાં સરસ રીતે ગોઠવાવા લાગ્યા. બાળકોને સંગીત ખૂબ ગમે છે. સંગીતથી તેમનામાં સ્થિરતા આવે છે ને મન પ્રસન્ન બને છે. સંગીતમાં તેઓ તન્મય થઈ જાય છે. અને અભિનય સાથે ઉલ્લાસભેર ગીતો ગાય છે.વાર્તા સાંભળવી, જોડકણાં ગાવા તેમને બહુ ગમે છે. તા.૨૬-૬-૦૬ અને ૧૧-૭-૦૬ના રોજ પણ નવી ટુકડીઓનું આગમન થયું છે.

**બાલમંદિર**

૧૨મી જૂન સોમવારથી શાળાનું પ્રથમ સત્ર શરૂ થઈ ગયું છે. લાંબી રજાઓનો આનંદ માણી નાના ભૂલકાંઓ સવારના તાજગીભર્યા વાતાવરણમાં હર્ષભેર આવ્યા. બાળકો શાળાના વાતાવરણથી તો પરિચિત હતા જ તેથી ખૂબ સરસ રીતે હસતા રમતા ગોઠવાઈ ગયા છે. બાળકોને રથયાત્રાના તહેવારનું મહત્વ સમજાવી સમૂહવાર્તા કહેવામાં આવી અને જય રણછોડ માખણચોરના નાદથી વાતાવરણ ગૂંજી ઉઠયું. ગૌરીવ્રતમાં રંગબેરંગી ચણિયાચોળી પહેરી માથે જવારા મૂકી ગરબે ઘૂમતી બાળાઓએ શાળાના વાતાવરણને ઉલ્લાસમય બનાવી દીધું. બાળકોને જીવનમાં ગુરુનું મહત્વ સમજાવી ગુરુપૂર્ણિમા ઉજવી.

## શિશુમંદિર

તા.૩-૭-૦૬ના રોજ તા.૫,૬,૭નાં મહામંત્રી ઉપમંત્રીની ચૂંટણી યોજાઈ. જેમાં નીચેના વિદ્યાર્થી ભાઈબહેનો ચૂંટાયેલા જાહેર થયા છે.

| | | |
|---|---|---|
| મહામંત્રી | ભાઈઓ | યત્ન પટેલ |
| | બહેનો | નિધિ કાપડિયા |
| ઉપમંત્રી | ભાઈઓ | માધવ ભટ્ટ |
| | બહેનો | વિધિ રાવલ |

ઈતર પ્રવૃત્તિને અનુલક્ષીને નીચે પ્રમાણે ગૃહનેતા તથા ઉપનેતાની વરણી કરવામાં આવી છે.

| | | | |
|---|---|---|---|
| ધવલગિરિ | (ભાઈઓ) | નેતા | કલ્પિત દવે |
| | | ઉપનેતા | શિલાંગ ઓઝા |
| | (બહેનો) | નેતા | સલોની શાહ |
| | | ઉપનેતા | ખુશાલી ત્રિપાઠી |
| મેઘનાદ | (ભાઈઓ) | નેતા | વિનાયક ભટ્ટ |
| | | ઉપનેતા | શિવમ્ પંડિત |
| | (બહેનો) | નેતા | ઋતુ શાહ |
| | | ઉપનેતા | મીતી પંચોલી |
| રત્નદીપ | (ભાઈઓ) | નેતા | યશ લાલચંદાણી |
| | | ઉપનેતા | ધ્રુમિલ શાહ |
| | (બહેનો) | નેતા | ખુશાલી શાહ |
| | | ઉપનેતા | દ્રષ્ટિ ઠક્કર |
| ગંગોત્રી | (ભાઈઓ) | નેતા | રોહન ગોડિયાવાલા |
| | | ઉપનેતા | નિસર્ગ શાસ્ત્રી |
| | (બહેનો) | નેતા | ત્વિષા શુક્લ |
| | | ઉપનેતા | હરિતા ઠાકર |

તા.૧૧-૭-૦૬ના રોજ ગુરુપૂર્ણિમા નિમિત્તે ગુરુપૂજનનો કાર્યક્રમ યોજાયો. બધા શિક્ષકોનું ગુલાબ આપી વિદ્યાર્થીઓએ ભાવપૂર્વક સન્માન કર્યુ.આ નિમિત્તે આંતરગૃહ વકતૃત્વ સ્પર્ધા યોજાઈ.

| | | | |
|---|---|---|---|
| વકતૃત્વ સ્પર્ધા : | પ્રથમ | યત્ન પટેલ | (ધવલગિરિ) |
| | દ્વિતીય | લાગણી વ્યાસ | (મેઘનાદ) |
| | તૃતીય | અમીત દેસાઈ | (મેઘનાદ) |

## વિનયમંદિર

ધો.૮,૯,૧૦ના મહામંત્રી ઉપમંત્રીની ચૂંટણી યોજાઈ. જેમાં નીચેના વિદ્યાર્થી ભાઈબહેનો ચૂંટાયેલા જાહેર થયા.

| | | |
|---|---|---|
| મહામંત્રી | (ભાઈઓ) | ભૂષણ પટેલ |
| | (બહેનો) | લેખા મહેના |
| ઉપમંત્રી | (ભાઈઓ) | પાર્થ ભિમાણી |
| | (બહેનો) | રિધ્ધિ ત્રિવેદી |

ઈતર પ્રવૃત્તિને અનુલક્ષીને નીચે પ્રમાણે ગૃહનેતા અને ઉપનેતાની વરણી કરવામાં આવી છે.

| | | | |
|---|---|---|---|
| મેઘદૂત | (ભાઈઓ) | નેતા | ધ્રુવ પટેલ |
| | | ઉપનેતા | હર્ષિલ ગાંધી |
| | (બહેનો) | નેતા | નિધિ દવે |
| | | ઉપનેતા | પ્રિયંકા ઠાકર |
| ગીતગોવિંદ | (ભાઈઓ) | નેતા | દર્શન શાહ |
| | | ઉપનેતા | સિધ્ધાર્થ ધોળકિયા |
| | (બહેનો) | નેતા | દેવાંશી પંડયા |
| | | ઉપનેતા | પલક મહેતા |
| પદ્મપુકુર | (ભાઈઓ) | નેતા | યશ શાહ |
| | | ઉપનેતા | રાહિલ જાની |
| | (બહેનો) | નેતા | રાજવી પરીખ |
| | | ઉપનેતા | હેલી વસાણી |
| ચંદ્રમૌલિ | (ભાઈઓ) | નેતા | શૈલ દવે |
| | | ઉપનેતા | પાર્થ ત્રિપાઠી |
| | (બહેનો) | નેતા | ફોરમ શાહ |
| | | ઉપનેતા | પૂર્વા પટેલ |

તા.૧૧-૭-૦૬નાં રોજ ગુરુપૂર્ણિમા નિમિત્તે 'ગુરુર્દેવોભવ' વિશે વિદ્યાર્થીઓએ વકતવ્ય રજૂ કર્યા અને શિક્ષકોનું પુષ્પથી બહુમાન કર્યું.

**બોર્ડના પરિણામ :**

માર્ચ ૨૦૦૬માં લેવાયેલ એચ.એસ.સી. વિજ્ઞાન પ્રવાહનું શાળાનું પરિણામ ૧૦૦% આવ્યું છે.એચ.એસ.સી. સામાન્ય પ્રવાહનું પરિણામ ૧૦૦% આવ્યું છે.અને ન્યુ એસ.એસ.સી. શાળાનું પરિણામ ૯૮.૭૬% આવ્યું છે.

એચ.એસ.સી.સામાન્ય પ્રવાહમાં શાળાના વિદ્યાર્થિની **સંઘવી ખુશ્બુ સંદીપભાઈ** બોર્ડમાં ચોથા ક્રમે અને કેન્દ્રમાં પ્રથમ ક્રમે આવ્યા છે. **શાહ પ્રિયંક દેવાંગભાઈ** બોર્ડમાં પાંચમા ક્રમે અને કેન્દ્રમાં દ્વિતીય ક્રમે આવ્યા છે. **ઠાકોર શૈલી જયાંગભાઈ** બોર્ડમાં આઠમા ક્રમે અને કેન્દ્રમાં ચોથા ક્રમે આવ્યા છે.

**સૌ વિદ્યાર્થી ભાઈબહેનોને ખૂબ ધન્યવાદ.**

**ઈનામો :** શાળામાં નીચે પ્રમાણે વિદ્યાર્થી ભાઈબહેનોને ઈનામ મળે છે તે માટે તેમને ધન્યવાદ.

(૧) ન્યુ એસ.એસ.સી.માં શાળામાં પ્રથમ આવનાર **તલાટી કોમલ સુકેતુભાઈ** તથા **શાહ ક્રિનાલી પ્રદિપભાઈ**ને સ્વ.કલ્યાણભાઈ ગાંધીના સ્મરણાર્થે ઈનામ રૂ.૧૨૫/- વહેંચાતુ મળે છે.

## મારો મૃણાલ ભણતો જ નથી !

"બેન ! મારો મૃણાલ સ્કુલમાંથી કશું જ લખીને આવતો નથી. એને મારે ઘેર ભણાવવો કેવી રીતે એ જ સમજ નથી પડતી... હું તો એવો મૂંઝાઈ ગયો છું."

'મૃણાલ કયા ધોરણમાં ભણે છે ?'

'પહેલામાં, પણ મેં એને ઈંગ્લીશ મિડીયમમાં મૂકયો છે ને એટલે... એક તો મિડીયમ ઈંગ્લીશ અને જો બરાબર ન ભણે તો તો ચાલે જ નહીં ને ! શું કરવું એ જ સમજ નથી પડતી.. કંઈ થોડું ય લખીને આવે તો આગળ થોડું ભણાવાય ને ! આ તો અક્ષરે ય પાડયો જ ન હોય ત્યાં શું ભણાવવું કે શું શીખવવું તેની સમજ જ કયાંથી પડે ?'

'ભાઈ ! હજી સ્કુલ ખુલ્યાને માંડ બાર પંદર દિવસ થયાં છે. તમે આમ અધીરા શાને થઈ જાવ છો ? એક તો બાળક બાલમંદિરના મુક્ત વાતાવરણમાંથી અહીં આવે એટલે એને કેટલુક બંધિયાર તો લાગે જ, તેમાં વળી અહીં સમય વધે, ભણવાનું વધે, રમવા ઓછું મળે. મોટા વર્ગો, બાલમંદિરમાંથી આવતા બાળકને અહીં શરૂઆતમાં બંધિયાર વાતાવરણ લાગે જ ને ! અને તેમાં વળી તમે એ આવે ત્યારથી જ ભણવા માટે આટલો બધો આગ્રહ રાખો અને આટલી ચિંતા કરો એને કારણે એને ભણવા તરફનો અત્યારથી જ જો અણગમો થઈ જશે તો એ જીંદગીભર નહીં ભણી શકે. એનામાં બુધ્ધિનું સ્તર તો ઘણું સારૂં છે પણ તમારી આ અધીરાઈની એના પર જો વિપરીત અસર થશે તો એની આખીય ગાડી પાટા પરથી ઉતરી જશે. અરે ! ઈશ્વરે એનામાં જીજ્ઞાસાવૃત્તિ તો મૂકી જ છે. એને રોજેરોજ નવું જાણવાની ઈચ્છા થાય છે જ. અને વર્ગમાં એને જે ભણાવવામાં આવે છે તે બધાં જ બાળકો ભણે છે, પણ કોઈક જરા ધીમું હોય તો કોઈ ઝડપી હોય. બધાં એકસરખા કયાંથી હોય ! ધીરજ રાખો. ધીરે ધીરે કરતાં બધું આવડી જશે.. અકળાવાની જરાય જરૂર નથી. તમે માત્ર એને લખવાનું ને ભણવાનું, નવું નવું વાંચવાનું મન થાય એટલા પૂરતું એની સાથે વધુ નહીં પણ દિવસમાં માત્ર અડધો કલાક તેની સાથે બેસી, અધૂરું લખ્યું હોયતે પૂરું કરાવો. અક્ષર સારા કાઢે તેવું ધ્યાન આપો અને થોડું ઘણું વાંચે એવો એને મહાવરો રખાવો. આટલા નાના બાળકની અત્યારથી ભણાવવા માટેની બહુ ચિંતા કરશો નહી, એને એનું બાળપણ માણવા દો, એને બહુ ભણાવ ભણાવ કરશો તો એ રમશે કયારે ?'

હજી તો માંડ મૃણાલના પપ્પાને વિદાય આપી ત્યાં નિર્મિતના મમ્મી આવ્યા. 'અરે બેન ! હું તો કંટાળી ગઈ છું, નિર્મિત કશું જ લખીને આવતો નથી.કાલે બેને વર્ગમાં દસ વાકયો લખાવ્યાં હતા તેમાંથી માંડ બે વાકયો તેણે લખ્યા ને બાકી બધામાં આગળ This, That એટલું જ લખી લાવ્યો.હવે મને એમાં આગળ કેવી રીતે કરાવવું એની સમજ કયાંથી પડે ? બેન !હવે તો એ ત્રીજામાં આવ્યો. ઈંગ્લીશ મિડીયમમાં છે એટલે મને તો સખત ચિંતા થાય છે. તમે માનશો ? ગયા વર્ષે એ બીજા ધોરણમાં હતો ત્હોય એને મેં બે ટયુશન રાખ્યા હતા. ત્યારે એ આજે ત્રીજામાં આવી શકયો છે."

'કેમ તમે જાતે એને નથી ભણાવી શકતા ? તમે બંને તો ભણેલા છો.'

'પણ બેન ! ટાઈમ જ કયાં મળે છે ? એના પપ્પા તો સવારથી ઓફિસે જાય તે રાતે મોડા આવે ને કયારેક તો આવે ત્યારે નિર્મિત ઉંઘી પણ ગયો હોય અને હું આખો દિવસ મારા વ્યવસાયમાં વ્યસ્ત હોઉં, એને લેસન કરાવવાનો ય મને તો સમય નથી મળતો. ટયુશન ન રાખું તો શું કરું ?'

અને મને આઘાત લાગ્યો. આ છોકરાને માટે નથી સમય એના પપ્પાને કે નથી સમય એના મમ્મીને. બુધ્ધિશાળી છે. ભણેલા ગણેલા માબાપ છે. પણ એકના એક દિકરા માટે દિવસનાં માત્ર એક કલાક પાસે બેસીને વહાલથી ભણાવવા જેટલો ય તેમની પાસે સમય નથી અને એટલે એ જવાબદારી ટયુશનવાળા સાહેબોને સોંપીને માથા પરથી ભાર ઉતારવાનો પ્રયત્ન કર્યો છે પણ બાળકને એ શિક્ષક પાસેથી માબાપ જેવી હૂંફ કે પ્રેમ કયાંથી મળે ? પરિણામે એને ભણવા પરથી રસ ઉડી ગયો છે, અરે ! એને ખાવું ય ગમતું નથી, ને વર્ગમાં પણ એના ગેરશિસ્તનાં અનેક પ્રશ્નો ઉભા થાય છે, એના હૃદયના અજંપાએ, તો એનો આત્મવિશ્વાસ પણ ડગાવી દીધો છે, એ હીનતાની ગ્રંથિથી પીડાવા માંડયો છે. સહેજ કંઈ કહેતા તરત રડી પડે છે ને કહે છે, 'હું તો ડોબો છું મને કયાં કશું આવડે છે ?..'

બાળક એકદમ જલ્દી ભણતું થઈ જાય, પરીક્ષામાં વધુ માર્કસ લાવે, આ બધી મહાત્વાકાંક્ષા દરેક માબાપમાં હોય અને હોવી જોઈએ એ સ્વાભાવિક છે અને તો જ બાળકનો વિકાસ થઈ શકે પણ તેનો જ્યારે અતિરેક થાય છે ત્યારે બાળક તેનો આત્મવિશ્વાસ ગુમાવી દે છે. તેને ભણવામાંથી રસ ઉડી જાય છે. અને કયારેક તે સાયકોસોમેટીક રોગોનો પણ ભોગ બને છે, અને એટલે જ વર્ષ જ્યારે શરૂ થાય છે ત્યારે મારી સૌ માબાપોને એક જ વિનંતી કે બાળક ભણે એ માટે અધીરાઈ કે અજંપો કરવાને બદલે તેને ભણવામાં રસ પડે એવું વાતાવરણ તેને પ્રેમપૂર્વક આપો, બાળકમાં ઘણું હીર પડયું છે તેને પાંગરવા દો.

ઊર્મિલા શાહ

## સંસ્થાનું ગૌરવ

સંસ્થાની ભૂતપૂર્વ વિદ્યાર્થિની અપાલા હિમાંશુભાઈ ત્રિવેદીને ફીઝીકલ રીસર્ચ લેબોરેટરીના માઉન્ટ આબુના ગુરુશિખર કેન્દ્ર ખાતે એસ્ટ્રોનોમી અને એસ્ટ્રોફીઝીકસના સાયન્ટીસ્ટ એન્જીનીયર તરીકે નીમણૂંક મળી છે તે બદલ સંસ્થા ગૌરવ અનુભવે છે.

સંસ્થાના ભૂતપૂર્વ વિદ્યાર્થી પાતંજલ વ્યાસે મોબાઈલ કંપનીની ટેકનોલોજીની ખામી શોધી કાઢી છે. એક વ્યક્તિના નામનો એસ.એમ.એસ. બીજી વ્યક્તિને બારોબાર પહોંચાડી દે અને એ મોકલનાર વ્યક્તિનું નામ સુધ્ધા ખબર ન પડે તેનાથી કયારેક કેવી મુશ્કેલી ઉભી થઈ શકે તે અંગે તેણે સૌ કોઈનું ધ્યાન દોર્યું તે માટે India.T.V. એ તેમનો ઈન્ટરવ્યુ રજૂ કર્યો હતો. ભાઈ પાતંજલને અભિનંદન.

## સાચું શિક્ષણ

પરીક્ષા, મૂલ્યાંકન અને અહેવાલ માટે વધારે પારદર્શક અને વિશ્વસનીય તંત્ર હોવું જોઈએ એવું હું જોઈ શકયો છું. એવું પણ જોવામાં આવ્યું છે કે આપણે ત્યાં મુખ્યત્વે વિદ્યાર્થીઓની યાદદાસ્તની પરીક્ષા થાય છે. હું ચેન્નાઈની એમ.આઈ.ટી.માં ૧૯૫૦ના અરસામાં ભણતો હતો ત્યારે મને યાદ છે કે ખુલ્લાં પુસ્તકો સાથે પરીક્ષાઓ લેવાતી. આવી પરીક્ષાઓ વિદ્યાર્થીઓ માટે આકરી બનતી. મારી ભલામણ છે કે ખુલ્લાં પુસ્તકો સાથેની પરીક્ષા વ્યવસ્થાની પરીક્ષા લેનાર મંડળોએ વ્યવસ્થા કરવી જોઈએ. આનાથી સંબંધિત શિક્ષકો અને વિદ્યાર્થીઓની સર્જનાત્મક શક્તિઓને પ્રોત્સાહન મળશે. સલામત શિક્ષણ-વ્યવસ્થા આજની તાતી જરૂરિયાત છે.

આખરે તો શિક્ષણ તેના સાચા સ્વરૂપમાં સત્યની શોધ છે. જ્ઞાન અને પ્રબોધ માટેની એ વણથંભી યાત્રા છે. આવી યાત્રા માનવતાની નવી ક્ષિતિજો ઉઘાડશે, જયાં સ્વાર્થ, વિસંવાદિતા, દ્વેષ, ઈર્ષ્યા કે વેર માટે કોઈ અવકાશ નહિ હોય. એ મનુષ્યનું સુગ્રથિત, ઉન્નત આત્મરૂપે અને પૃથ્વી માટે અસ્ક્યામતમાં રૂપાંતર કરશે. સાચું શિક્ષણ માનવગૌરવ સ્થાપિત કરે છે અને સ્વમાનમાં વધારો કરે છે.

ડૉ.એ.પી.જે.અબ્દુલ કલામ

(૨) એચ.એસ.સી. વિજ્ઞાનપ્રવાહમાં શાળામાં પ્રથમ આવનાર **પટેલ આનંદ મહેન્દ્રભાઈ**ને સ્વ.પન્નાબેન ગાંધીના સ્મરણાર્થે ઈનામ રૂ.૧૨૫/- મળે છે.

(૩) એચ.એસ.સી.સામાન્ય પ્રવાહમાં શાળામાં પ્રથમ આવનાર **સંઘવી ખુશ્બુ સંદિપભાઈ**ને સ્વ.પ્રકાશભાઈ પંડિતના સ્મરણાર્થે ઈનામ રૂ.૧૨૫/- મળે છે.

(૪) ન્યુએસ.એસ.સી.,એચ.એસ.સી.વિજ્ઞાનપ્રવાહઅને એચ.એસ.સી.સામાન્ય પ્રવાહમાં બહેનોમાં પ્રથમ આવનાર નીચેની વિદ્યાર્થિનીઓને સ્વ.તનુમતિબેન પટેલના સ્મરણાર્થે ઈનામ રૂ.૧૦૧/- મળે છે.

| | | |
|---|---|---|
| (૧) | ન્યુ એસ.એસ.સી. | તલાટી કોમલ સુકેતુભાઈ |
| | | શાહ ક્રિનાલી પ્રદિપભાઈ |
| (૨) | એચ.એસ.સી.વિજ્ઞાનપ્રવાહ | ભટ્ટ કેવલ યોગેશભાઈ |
| (૩) | એચ.એસ.સી.સામાન્ય પ્રવાહ | સંઘવી ખુશ્બુ સંદિપભાઈ |

(૫) ન્યુ એસ.એસ.સી. શાળામાં સંસ્કૃત વિષયમાં પ્રથમ આવનાર **રાજા નિધિ કિશોરભાઈ**ને ઈનામ રૂ.૧૨૫ અને દ્વિતીય આવનાર **શાહ જાનકી પરાગભાઈ**ને રૂ.૧૦૧નું ઈનામ સ્વ.વલ્લભરામ વૈદ્યના સ્મરણાર્થે મળે છે.

(૬) ન્યુએસ.એસ.સી.માં ગણિત વિજ્ઞાનમાં કુલ માર્કસમાં શાળામાં સૌથી વધુ માર્કસ મેળવનાર **શાહ નિર્મિત પરેશભાઈ**ને સ્વ.પ્રમોદાબેન હીરાભાઈ દેસાઈના સ્મરણાર્થે રૂ.૧૦૧/-નું ઈનામ મળે છે.

(૭) ન્યુ એસ.એસ.સી.માં શાળામાં અંગ્રેજીમાં સૌથી વધુ ગુણ મેળવનાર **તલાટી કોમલ સુકેતુભાઈ**ને સ્વ.પ્રમોદાબેન હીરાભાઈ દેસાઈના સ્મરણાર્થે રૂ.૧૦૧/-નું ઈનામ મળે છે.

(૮) એચ.એસ.સી.સામાન્ય પ્રવાહમાં બીઝનેસ એડમિનિસ્ટ્રેશન વિષયમાં પ્રથમ આવનાર **ચાલીસહજાર સ્તુતિ મેહુલભાઈ**ને ૨.૧૨૫/- નું ઈનામ તથા દ્વિતીય આવનાર **શાહ અદિતિ પ્રવિણભાઈ**ને રૂ.૧૦૧/- નું ઈનામ સ્વ.પ્રકાશભાઈ પંડિતના સ્મરણાર્થે મળે છે.

(૯) એચ.એસ.સી.વિજ્ઞાનપ્રવાહમાં ઈજનેરીમાં મેરીટ લીસ્ટમાં પ્રથમ આવનાર **ભટ્ટ કેવલ યોગેશભાઈ**ને તથા મેડીકલના મેરીટ લીસ્ટમાં પ્રથમ આવનાર **શાહ હાર્દ રાજેશભાઈ**ને રૂ.૧૦૧/-નું ઈનામ સ્વ.પ્રમોદાબેન હીરાભાઈ દેસાઈના સ્મરણાર્થે મળે છે.

(૧૦) લલિતકલા ક્ષેત્રે આગવી સિધ્ધિ બદલ સ્વ.કાશીરામ વલ્લભરામ વૈદ્યનાં સ્મરણાર્થે **જોશી પલક**ને પ્રથમ ઈનામ રૂ.૧૨૫/- તથા **પટેલ યત્ન**ને દ્વિતીય ઈનામ રૂ.૧૦૧/- મળે છે.

**સૌ વિદ્યાર્થી ભાઈબહેનોને અભિનંદન.**

## એકલવ્ય સ્કોલરશીપ :

એકલવ્ય એજ્યુકેશન ફાઉન્ડેશન તરફથી ધો.૮,૯,૧૦ અને ૧૧નાં બંને પ્રવાહમાં બેનોમાં પ્રથમ આવનારને ઉપરોક્ત સ્કોલરશીપ આપવામાં આવે છે. જેમાં નીચેની વિદ્યાર્થિનીઓને આ એકલવ્ય સ્કોલરશીપ મળે છે તે માટે તેમને ધન્યવાદ.

| | | | |
|---|---|---|---|
| (૧) | તલાટી હેમલ સુકેતુભાઈ | ધો.૮ | |
| (૨) | પાધડાર રીચા કનુભાઈ | ધો.૯ | |
| (૩) | તલાટી કોમલ સુકેતુભાઈ | ધો.૧૦ | |
| | શાહ ક્રિનાલી પ્રદીપભાઈ | ધો.૧૦ | |
| (૪) | ભટ્ટ ખ્યાતિ અભયકુમાર | ધો.૧૧ | સા.પ્ર. |
| (૫) | શાહ કક્ષા ભગીરથભાઈ | ધો.૧૧ | વિ.પ્ર. |

## ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ યોજેલ કાર્યક્રમ

છેલ્લા બે વર્ષથી ભૂતપૂર્વ વિદ્યાર્થીઓના સુંદર કાર્યક્રમો થાય છે. શાહબુદ્દીન રાઠોડનો કાર્યક્રમ સફળ થાય તે તો માની લીધું હતું પરંતુ આ વર્ષે સંગીતનો કાર્યક્રમ કેવો જશે તેનો ખ્યાલ ન્હોતો. આ વર્ષનો સંગીતનો કાર્યક્રમ સૌને માટે યાદગાર બની ગયો.એટલું જ નહિ પણ જેમણે જેમણે આ કાર્યક્રમ વિશે સાંભળ્યું તેઓ સૌ પૂછવા લાગ્યા કે નિમંત્રણ કોને મળે છે ? અમને તો નિમંત્રણ મળ્યું જ નહોતું. આવી મીઠી ફરિયાદો પણ આવવા લાગી છે.

આવા કાર્યક્રમોમાં શારદામંદિરના સૌ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ ભાગ લઈ શકે છે. જેમના જેમના સરનામા ઉપલબ્ધ હોય છે તેમને આ નિમંત્રણ મોકલવામાં આવે છે. એ ઉપરાંત સ્થાનિક અખબારોમાં પણ તેની માહિતી આપવામાં આવે છે. સૌ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ આમાં ભાગ લઈ શકે છે અને આગોતરું રજીસ્ટ્રેશન ન થયું હોય તો પણ તાત્કાલિક રજીસ્ટ્રેશન કરાવી શકાય છે.

સૌ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને જણાવવાનું કે તેઓ પોતાની ઉંમર અને હાલનું સરનામું લખીને ઓફિસમાં અથવા ભાઈ અમર ભટ્ટને મોકલે તો તેમને નિમંત્રણ મોકલતા અમને આનંદ થશે.

## અભિનંદન

| સંસ્થા | વિજેતા વિદ્યાર્થી | પારિતોષિક |
|---|---|---|
| | **ચિત્ર** | |
| 'સમભાવ' મેટ્રો | દેવ કે.શાહ (તાલીમ) | પ્રથમ ઈનામ રૂ. ૫૦૧/- |
| | **નૃત્ય** | |
| કલામંદિર | મીશા શાહ | આરંગેત્રમ |
| | **કરાટે** | |
| ટેકવેન્ડો ફાઉન્ડેશન | ધ્વનિત રાવલ | બ્લેક બેલ્ટ |
| ઓફ ઈન્ડીયા | પૌરીન શાહ | બ્લેક બેલ્ટ |

**સૂચનાઓ :** આપના પાલ્ય માટે કયારેય શાળામાં મળવાનું થાય તો પ્રથમ મુખ્ય ઓફિસનો સંપર્ક સાધશો. આ માટે મળવાનો સમય સોમવારથી શુક્રવાર ૩-૦ થી ૪-૦નો છે. કોઈપણ વિભાગમાં વાલીએ સીધા પ્રવેશ ન કરવા વિનંતી.

શાળામાં સંપૂર્ણ ગણવેશ જરૂરી છે.

આપના પાલ્યને કયારેય શાળામાંથી વહેલા ઘેર બોલાવવાનું થાય તો રૂબરૂ લેવા આવશો, ચિઠ્ઠી પરથી રજા આપવામાં આવતી નથી, તેની નોંધ લેશો.આ માટે સીધા વર્ગમાં ન જતાં ઓફિસમાં જ મળવું.

## શ્રધ્ધાંજલિ :

સંસ્થાના ભૂતપૂર્વ વિદ્યાર્થી ભાઈશ્રી અતુલભાઈ ચંદુભાઈ દવેના દુ:ખદ અવસાનની નોંધ લેતા અમે સૌએ ભારે દુ:ખની લાગણી અનુભવી છે. ઈશ્વર સદ્‌ગતના આત્માને પરમ શાંતિ આપે તેવી પ્રાર્થના.

સંસ્થામાં ધોરણ નવમાં ભણતાં ભાઈશ્રી સાગર શાહનાં અકાળ અવસાનની નોંધ લેતા અમે સૌએ અત્યંત દુ:ખ અનુભવ્યું છે. ઈશ્વર સદ્‌ગતના આત્માને પરમ શાંતિ આપે તેવી પ્રાર્થના.

તંત્રી, મુદ્રક પ્રકાશક : દિનુભાઈ દવે, આચાર્ય અને નિયામક,શારદામંદિર, અમદાવાદ-૩૮૦૦૦૭.
EMAIL : sharda1924@rediffmail.com
shardamandir1924@yahoo.com